# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

## સલામી સવારની..

આવશે અંદાજ કે કોણે-કેટલું ચરેલું છે!
દબાણ-ફંડથી કોણ, સામે પાણી તરેલું છે!
ફરેલું હોય ભાગ્ય એને જ મળશે ટિકીટ -
ઉમેદવારોનું નાળિયેર હજી ભરેલું છે!

## હાઈકુ

ફૂટશે બૉંબ
ફાઇનલ 'યાદી' નો -
ઉડશે પંખી!
(પંખીઓ ની ઉડાઉડ)

ડૂબતી કોંગી
રાહુલના તરણે -
મથે તરવા..
(મોટી જવાબદારી?!)

## ચિંતન

**અયમ વિચારિત ચારૂતયા સંસારો ભાતિ રમણીયઃ ।**
**અત્ર પુનઃ પરમાર્થદશા ન કિમપિ સારસપીયઃ ॥**

'વગર વિચારે કલ્પેલા સૌંદર્યથી આ સંસાર રમણીય લાગે છે પરંતુ જો વાસ્તવિક દૃષ્ટિએ જોવામાં આવે તો તેમાં અણુ જેટલો પણ સાર નથી.'

ફિલ્મી પ્રેમ-સંસાર, પ્રેમીઓનો સંસાર ઉત્કટ પ્રેમ-લાગણી જોઇ બીન અનુભવી યુવાન પ્રેમ અને સંસારના ચક્રાવે ચઢી જાય એ સ્વાભાવિક છે, કોલેજ જીવનની કલ્પના એને કઠોડે ચઢાવે છે સિરીયલોની સન્નારીઓ ઘરમાં-રસોડામાં પણ 'દિવાળી અને લગ્નોત્સવ' જેમ બનીઠની ફરતી હોય ત્યારે વાસ્તવમાં 'લગરવગર' ભૈરૂં પાણી પણ 'જાતે લઇ લ્યો' નો કર્કસ અવાજ કલ્પનાનો પત્તાનો મહેલ કડડભૂસ કરી નાખે છે.

ટીવીની સિરીયલી સ્ત્રીઓનો પ્રેમ-લાગણી-ગુસ્સો-ખટપટ-કંકાસ એ બધું જ 'સ્ત્રી' પોતાને જ મુખ્યપાત્ર માની પોતાના જીવનને જ ગદર્ભની પીઠે ચઢાવે છે.

૨૦૧૨નાં સર્વવિનાશની ફિલ્મ જોઇ મારા દોહિત્રએ અફસોસ વ્યક્ત કરતાં ભય વ્યક્ત કર્યો એની મમ્મીએ કહ્યું આખી દુનિયાનું જે થશે તે થશે. અમે પણ તારી સામે જ છીએ ને એમાં મૃત્યુથી ડરવાનું ન્હોય.

ત્યારે દોહિત્રએ કહ્યું તમે તો કોલેજ કરી લીધી. લગ્ન-બાળકો બધું જ ભોગવી લીધું, મારૂં તો બધું બાકી જ છે ને?! બધાને સંસારનું અસારપણું સાઠ વર્ષ પછી જ સમજાય છે એ પણ કેવી વિચિત્ર વાસ્તવિકતા છે, નહીં?

## સુવિચાર

- સ્ત્રી, નારીની સામે પત્નીત્વ, માતૃત્વ, ગૃહિણીત્વ અને શીલમર્યાદા આદિ કેટલાંક તત્ત્વનું મિશ્રણ છે, અને આ બધાં તત્ત્વોથી જ તે 'દેવી'નું પદ પામી છે, પરંતુ તે જો આ બધાં ઐશ્વર્યનો ત્યાગ કરે તો તે કેવળ નારી જ રહી જાય, તે પછી તે શુદ્ર વાસનાનું માધ્યમ, એક માદા કીડો અને અધમ પશુ અને થૂંકવાનું એક સજીવ ઠીકરૂં જ માત્ર રહી જાય છે **- આચાર્ય ચતુરસેન શાસ્ત્રી**
- પ્રેમ નારીના હૃદયમાં છે અને આનંદનું ઝરણું તેની આંખોમાં **- 'વચન કા મોલ' સે**
- મૂર્ખામી તો નારીને વિધાતાએ જ આપી દીધી છે, નારીની સૌથી મોટી વિશેષતા મૂર્ખામી જ છે, એ જ તેની દુર્બળતા અને એજ તેની શક્તી છે **- હજારીપ્રસાદ ત્રિવેદી**
- આપણે (પુરૂષો) જીવનની નજીવી તપસ્યા માટે કે કહેવાતા ત્યાગ પર કેટલું અભિમાન કરીએ છીએ? પરંતુ નારી પોતાના સહજ સ્વાભાવિક રીતે જ કેવું અને કેટલું અર્પી દે છે? **- ભગવતીપ્રસાદ બાજપેયી**
- સ્ત્રી જેને ચાહે છે તેના પર સર્વસ્વ ન્યોછાવર કરે છે **- પ્રસાદ**
- સ્ત્રીનો સંપર્ક જ ઉત્તમ શીલની આધારશીલા છે **- ગેટે**

## બોધ કથા

પૈસા-સમૃધ્ધિ તો અઢળક હોઇ શકે છે પણ તેનું સાચું મૂલ્ય આપણને તે કેવી પરિસ્થિતિમાં કેટલી ઉપયોગી થાય છે ત્યારે જ સમજાય -

ઇરાન બાદશાહ અલરસીદ પાસે અઢળક સંપત્તિ હતી. સોનું-ચાંદી-હીરા મોતી-માણેક રત્નો વગેરે.. એને ધનનું અભિમાન પણ ઘણું હતું. સૂફી સંત અબૂ બક્કરને આવી વાત મળી. બાદશાહ હતો તો ભલો અને સજ્જન પણ તેનું અભિમાન આડે આવતું હતું તેથી સંત તેની શાન ઠેકાણે લાવવા તેના મહેલે ગયા.

બાદશાહે તેવી સર્વસ્વ સંપત્તિ આ સૂફી સંત બતાવી. અભિમાન ભર્યા પ્રશ્ને બાદશાહે સંતને પૂછ્યું, મારી આ બધી સંપત્તિનું 'મૂલ્ય' તમે શું, કેટલું અંદોજો છો?

સંત અબુએ પૂછ્યું, તું રણમાં પાણી વિના તરફડતો હો - મૃત્યુ સામે દેખાતું હોય ત્યારે તને કોઇ પાણીનો એક પ્યાલો આપી જીવતદાન આપે તો એને તું આપ?

બાદશાહ કહે, મારૂં અર્ધું રાજ આપી દઉં!

સંત કહે તું મરણ પથારી પર હો અને કોઇ હકીમ તને સંજીવની આપી જીવનદાન આપે તો! તો એને પણ હું અર્ધું રાજ આપું!

સંત તો રાજ્યની કિંમત પાણીનો એક પ્યાલો અને દવાની પડીકી..

# બાળકને થતી શિક્ષા : એક અભિશાપ !

## ચાલો અભિગમ બદલીએ...

- પ્રા. દીપક હ. તૈરૈયા
(શૈક્ષણિક સલાહકાર અને તાલીમકાર)

શિક્ષક, વાલી કે સમાજના જવાબદાર નાગરિક તરીકે આપણું ઉતરદાયિત્વ એટલું તો બને જ, કે વિદ્યાર્થી-બાળકની સાથે થતા શિક્ષણવ્યવહાર ઉપરાંતના વર્તન વ્યવહારની પણ આપણે દરકાર રાખીએ. શિસ્તનો ભંગ કે અન્ય કોઈ પણ કારણસર શિક્ષકો અને વાલીઓ દ્વારા બાળકોને કરવામાં આવતી 'શિક્ષા' (સજા) એ આપણા સહુની નિરાશાવાદી અને આક્રમક વર્તન વ્યવહારનું પરિણામ હોઈ શકે. શિસ્તની વ્યાખ્યા પણ આપણી દરેકની અલગ હોય છે, ખરૂં ને! તો પછી 'સજા શું કામ? આપણે સારી રીતે જાણીએ છીએ કે સજા કોને હોય? શું આપણા બાળકો એ કોઈ રીઢા ગુનેગાર છે? આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ તો ક્રૂર ગુનેગારો સાથે પણ સહિષ્ણુતા ભર્યો દેખાવ દાખવવા સૂચવ્યુ્ છે, તો પછી આપણા જ બાળકો સાથે આપણો વ્યવહાર આટલો આકરો શા માટે? બાળકો સાથે જુદા જુદા શારીરિક - માનસિક સ્વરૂપમાં થતી સજા અને શિક્ષણ પગલાં પહેલાં આપણે કેટલુંક આંતરનિરીક્ષણ કરવું અત્યંત જરૂરી બને છે.'

આપણે સહુ એ વિચારીએ કે બાળકની વિવિધ વર્તણૂક અંગે આપણે શું પ્રતિવર્તન કરીશું?

- બાળક વાતવાતમાં રડે છે.
- બાળક દરેક ચીજને અડક્યા કરે છે.
- બાળક તમારી વાત માનતું નથી.
- બાળક અંગૂઠો ચૂસે છે.
- બાળક દીવાલો પર લીટા, ચિત્રો દોરી દીવાલો બગાડે છે.
- બાળક ઢોળ-ફોડ કરે છે.
- બાળક ઝગડાખોર છે.
- બાળક સાવ શાંત અને મૂંગું બેસી રહે છે.

(આપણે ખરેખર વિચારવાનું છે કે આપણે બાળકમાં જો ઉપર્યુક્ત વર્તન દેખાય તો આપણે શું કરીએ છીએ?)

શ્રીમાન 'એ' - આ વર્તણૂક માટે સજા કરે છે.

શ્રીમાન 'બી' - આ વર્તન તેના વ્યક્તિત્વનો એક ભાગ છે. તેવું માની તેને એક Lable-છાપ' આપી દે છે.

શ્રીમાન 'સી' - ધમકાવે છે / ઠપકો આપે છે.

શ્રીમાન 'ડી' બાળક સાથે લાગણીયુક્ત વ્યવહાર કરી સ્વયંશિસ્ત સમજાવે છે.

શ્રીમાન 'ઈ' - આવા વર્તન માટે બાળકને પ્રિન્સીપાલની ઑફિસમાં મોકલે છે. (જે શિક્ષક છે.)

આ બાબતો સિવાય પણ પ્રતિવર્તણૂક હોઈ શકે, આપના મતે શું થઈ શકે?

આપણા સહુની શિસ્ત વિશેની સમજ જુદી જુદી છે. આજ્ઞાપાલન, વ્યવસ્થા, રીતભાત, શાંતિ, સતત કાર્ય કરવું, વાતાવરણ સાથે અનુકૂલન સાધવું વગેરે આપણી શિસ્તની સમજનું વિષયવસ્તુ છે.

શિક્ષાત્મક વર્તનમાં પ્રગટ થતી આક્રમકતા એ શારીરિક કે શાબ્દિક હોઇ શકે છે. મનોવિજ્ઞાનના એક સિધ્ધાંત મુજબ દરેક આક્રમક વર્તન એ હતાશાનું પરિણામ છે, પરંતુ દરેક હતાશાઓ આક્રમકતામાં પરિણમતી નથી.

શિક્ષક અથવા વાલી તરીકે જો આપણે શિક્ષાત્મક વર્તનને મનોવૈજ્ઞાનિક રીતે જોઈએ તો શિક્ષાના પ્રતિભાવ તરીકે બાળકને શરમ-સંકોચનો અનુભવ, દુઃખનો અનુભવ, ગુસ્સાનો અનુભવ કે પછી ઈશ્વર જાણે શું અનુભવાતું હશે?

બાળક સાથે શિક્ષાત્મક વર્તન કરવું એ એના વિકસતા વ્યક્તિત્વને મૂરઝાવી દેવો જેટલો ભયંકર સામાજિક ગુનો છે. બાળકોના શિક્ષણ સાથે સંકળાયેલ શિક્ષક, વાલી કે સમાજ તરીકે આપણે શું કરી શકીએ તે વિચારીએ...

### શિક્ષણ અને શાળા શું કરી શકે?

- બાળકોને થતા નકારાત્મક સૂચનો અને લેબલીંગ (labaling) અટકાવીએ.

દા.ત. - ''આમ ન બેસાય - સીધો બેસ!''
- ''તને કંઈ આવડતું નથી, મૂર્ખ!''

- શાળામાં લખવામાં આવતી શિસ્ત વિષયક સૂચનાઓ હકારાત્મક શૈલીમાં લખીએ.

દા.ત. - 'પાણીનો બગાડ ન કરવો' (નકારાત્મક)
- 'પાણી પીધા પછી નળ બંધ કરીએ.' (હકારાત્મક)
- 'ભોજનખંડમાં અવાજ ન કરો.' (નકારાત્મક)
- 'ભોજનખંડમાં શાંતિ જાળવીએ.' (હકારાત્મક)

- શિસ્તવિષયક મુદ્દા વિષે બાળકને ઊંડાણપૂર્વક, લાગણીપૂર્વક સમજ આપી જવાબદારીભર્યું વર્તન શીખવીએ.
- શિક્ષા કરવાને બદલે શિસ્તપાલન ન કરવાનાં પરિણામો શું હોઈ શકે તે બાબતોની બાળકોને સમજ આપીએ અને તે સમજ આપતી વખતે હકારાત્મક શાબ્દિક પ્રતિકો (Positive Verbal Strokes) નો ઉપયોગ કરીએ.
- વર્ગ દીઠ એક સૂચનપેટી અમલમાં મુકી શકાય. જેમાં વિદ્યાર્થી - બાળકો મરજી મુજબ સૂચન, અપેક્ષા, પ્રશ્નો કે વિચાર રજૂ કરી શકે અને શિક્ષક આવા નબળા સૂચન વિશે જાહેરમાં આક્રમક પ્રતિભાવ ન આપતા તેમાં રહેલી મનોવૈજ્ઞાનિક બાબતને સમજી સમજપૂર્વક ઉકેલ લાવવા પ્રયત્ન કરે.

### સૂચનપેટીમાં સામાન્ય રીતે મળતાં કેટલાંક સંદેશાઓ :

- મારી જગ્યા બદલી આપો.
- મારૂં ગૃહકાર્ય ઓછું કરો.
- મને મારશો નહીં.
- મારી પરીક્ષા લો ને!
- મને સમજાય તેવું ભણાવોને!
- મને સમજાવો કે પ્રાર્થના કરવી કેમ જરૂરી છે?
- અમને વાર્તા કહો.

સૂચનપેટીને કંઈક નવું નામ પણ આપી શકાય. સૂચનપેટીના સૂચનોને સમજીને વર્તીશું તો આપણા વર્ગના શિસ્તના પ્રશ્નો આપોઆપ ઉકેલાઈ જશે. (સૂચનપેટીમાં શિક્ષક પણ વિદ્યાર્થી માટેની અપેક્ષા લખી શકે અને નવા વિચારો મેળવી શકે.)

- નબળું વર્તન દાખવનાર વિદ્યાર્થીને જાહેરમાં અપમાનિત કરવાને બદલે વાતચીતથી તેની સમસ્યા ઉકેલીએ.
- વાલીની હાજરીમાં બાળકને પ્રોત્સાહિત કરીએ. તેની નબળાઈને સતત 'હાઈલાઈટ' ન કરીએ.
- શાળાની શિસ્ત સમિતિનાં કડક ઈમેજ ધરાવતા શિક્ષકને બદલે પ્રેમાળ શિક્ષકને નિમણૂક આપવી.
- બાળમાનસને અને તેની સમસ્યાઓને લગતાં પુસ્તકો, લેખોનું વાચન વધારો.
- અસરકારક શિસ્ત માટે સંબંધોની સમજ ખુબ જરૂરી છે. વિદ્યાર્થી - શિક્ષકમાં પરસ્પર વિશ્વાસની ભાવના અને એકબીજાની સમજ સાથે જ શિસ્ત કેળવી શકાશે.
- અતિ આક્રમક અને ધ્યાન ખેંચતી પ્રવૃત્તિ કરતા બાળકો માટે 'આયોજનબધ્ધ અવગણના' જેવી અન્ય ઉપચારાત્મક પધ્ધતિઓ અપનાવીએ. શાંત રહીને અવલોકન કરીએ. પછી બાળક સાથે શાંત ચિત્તે વર્તણૂક અંગે ચર્ચા કરીએ.
- બાળકમાં રહેલી સર્જનાત્મક બાબતોને વધુ પ્રોત્સાહન આપીએ.
- આપણી અંગત સમસ્યાઓનો રોષ અને દોષ બાળકો પર ન કાઢીએ.
- બાળકોમાં સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસ કેળવીએ.
- વર્ગખંડનું વાતાવરણ હંમેશા પ્રયોગશીલ, મુક્ત અને પ્રોત્સાહક રાખીએ.
- બાળકો પાસેથી કામ લેવા માટે આજ્ઞા, સૂચન, વિનંતી, રસ વગેરેનો વિશિષ્ટ શૈલીથી ઉપયોગ કરીએ. બાળકને પ્રેમ, પરખ અને પ્રોત્સાહનની જરૂર હોય છે.

### વાલી સમુદાય શું કરી શકે?

- શાળાની નિયમિત મુલાકાત લેતા રહીએ. શિક્ષક સામે બાળકની સતત ફરિયાદ ટાળીએ.
- 'જરૂર પડે તો શિક્ષા કરજો' આવા વિધાનો શિક્ષકોને સદંતર ન કહેવા.
- બાળકની અન્ય સાથે સરખામણી બંધ કરીએ.

દા.ત. - 'તું મહેશ કરતાં વધુ હોંશિયાર છે.'
- 'તારા કરતા પિન્ટુને કેવું આવડે છે! તને તો કંઈ આવડતું નથી.'

- બાળક સાથે શાબ્દિક આપલે કરતાં રહો. તેની સમસ્યાઓ સાંભળો, તેને સમજો અને તમારા નિર્ણયોની બાળકોને સમજપૂર્વક જાણ કરો.
- બાળકના અસાધારણ વર્તનને ચકાસો અને જરૂર જણાય ત્યાં નિષ્ણાતની મદદ મેળવો.
- બાળકના મિત્રો (બાળકનો સમાજ) સામે તેને અપમાનિત ન કરો.
- આપણી અંગત કે વ્યવસાયિક સમસ્યાઓનો ભોગ બાળક ન બને તેની કાળજી રાખો.
- બાળકને સૂવડાવતી વખતે, ઉઠાડતી વખતે, બિમારી વખતે અને ભણાવતી વખતે માતા-પિતાના હૂંફાળા પ્રેરક સ્પર્શનો અનુભવ આપો.

શિક્ષકના અતિપવિત્ર યજ્ઞકાર્ય સાથે જોડાયેલા આપણે સહુ વિદ્યાર્થી-બાળકોને શિક્ષા કરવાના આ અઘટિત કાર્યને આપણી શાળાના વાતાવરણમાં દૂર કરી, બાળકની શક્તિઓ, જરૂરિયાતો અને મર્યાદાઓને સમજીને બાળકને સાચા અર્થમાં વિકસાવવા પ્રયત્નશીલ બનીએ. ચાલો, અભિગમ બદલીએ...

# આપણે રાષ્ટ્રીય ચિહ્નો શા માટે જાહેર કરીએ છીએ? તેમની ઓળખ, બચાવ, પ્રસિધ્ધિ કે આસ્થા માટે કે અન્ય કારણોસર આવા રાષ્ટ્રીય ચિહ્નો જાહેર કર્યાથી શું? કર્યા પછી શું? શું રાષ્ટ્રની પ્રત્યેક વ્યક્તિ તેની રક્ષા કે ગૌરવ ન જાળવી શકે?

## વન્યસૃષ્ટિ પરિચય

### અસુરક્ષિત પ્રાકૃતિક રાષ્ટ્રીય પ્રતિકો

- હેમંત સુથાર

રાષ્ટ્ર સેનાથી બને છે? રાષ્ટ્રનું ગૌરવ શું હોય છે? રાષ્ટ્રીય ધરોહર કોને કહેવાય? શું હિમાલય - પશ્ચિમ ઘાટ, ગંગા-બ્રહ્મપુત્રા નદીઓ, વાઘ-હાથી જેવા પ્રાણીઓ, મોર-સારસ જેવા પક્ષીઓ, કમળ-ગુલાબ જેવા ફૂલો, મોર-સારસ જેવા પક્ષીઓ, કમળ-ગુલાબ જેવા ફૂલો, કે વડ-પીપળ જેવા વૃક્ષો કે જે કુદરતી છે તેને રાષ્ટ્રનો એક ભાગ કે ઓળખ કહી શકાય?

આપણાં રાષ્ટ્રીય ચિન્હોને આપણાં પૈકી ઘણાં લોકો જાણતાં નથી. અલગ-અલગ સમયે જાહેર થયેલા કુલ ૧૬ રાષ્ટ્રીય પ્રતિકો છે, જેમાં રાષ્ટ્ર ધ્વજ ત્રિરંગો, રાષ્ટ્રગીત - જનગનમન, રાષ્ટ્રીય પ્રેરણા ગાન - વંદે માતરમ્, કેલેન્ડર - શક સંવત, રમત - હૉકી, રાષ્ટ્રીય ચલણનું ચિહ્ન - રૂપિયો, રાષ્ટ્રી ચિહ્ન - અશોકનો સમાવેશ થાય છે પણ તેમાં બાકીનાં ૮ (આઠ) રાષ્ટ્રીય પ્રતિકો છે તે બધા જ કુદરતી ઘટકો છે. રાષ્ટ્રીય પ્રાણી - વાઘ, રાષ્ટ્રીય પક્ષી - મોર, રાષ્ટ્રીય જલીય પ્રાણી - ડૉલ્ફીન, રાષ્ટ્રીય હેરીટેજ (વારસા) પ્રાણી - હાથી, રાષ્ટ્રીય નદી - ગંગા છે. આજે આપણાં બધા જ પ્રાકૃતિક પ્રતિકો ભય હેઠળ છે. આપણે તેમનું ગૌરવ જાળવતાં નથી, તેમની રક્ષા કરતાં નથી.

વર્ષ ૧૯૭૨ સુધી સિંહ રાષ્ટ્રીય પ્રાણી તરીકેનું સ્થાન શોભાવતું હતું. પરંતુ વાઘની સંખ્યા દેશમાં ચિંતાજનક - રીતે ઘટી જવાને કારણે 'ટાઈગર કન્ઝર્વેશન પ્રૉજેક્ટ'ને ધ્યાનમાં લઈને વાઘને રાષ્ટ્રીય પ્રાણી તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. આજે ૪૦ વર્ષ બાદ પણ આપણે વાઘના રક્ષણ માટે ત્યાંનાં ત્યાં જ છીએ. વર્ષ ૧૯૯૦માં વાઘની વસ્તી ૩૬૪૨ અંદાજવામાં આવેલ હતી જે આજે વર્ષ ૨૦૧૦ની ગણતરી મુજબ ૧૭૦૬ જેટલી છે, વર્ષ ૨૦૧૧માં ૬૧ મૃત્યુ પામ્યા હતા, જયારે ૨૦૧૨માં અત્યાર સુધીમાં ૭૪ વાઘ શિકાર તથા અન્ય કારણોને લીધે મૃત્યુ પામ્યા છે. શક્તિ, બહાદુરી અને હિંમતનું પ્રતિક એવા વાઘ આજે પોતે ભય હેઠળ છે.

કુદરતી સૌંદર્યથી ભરપૂર રજવાડી ઠાઠ ધરાવતું મોટા કદનું પક્ષી મોર વર્ષ ૧૯૬૩માં રાષ્ટ્રીય પક્ષી તરીકે જાહેર થયું, ભગવાન કાર્તિકેય અને મા સરસ્વતીના વાહન તરીકે ધાર્મિક શાસ્ત્રોમાં સ્થાન પામેલ મોર પણ આજે ભય હેઠળ છે. શહેરીકરણ, ખેતરોમાં ઝેરી દવાઓનાં છંટકાવ, મોરનું માસ ખાવા તથા શોભા માટેનાં પીછાં માટે થતો તેનો શિકાર તેની વસ્તી ઘટવાના મુખ્ય કારણો છે.

વર્ષ મે-૨૦૧૦માં જલીય સસ્તન પ્રાણી એવા ગેગેટીક ડૉલ્ફીનને જલીય રાષ્ટ્રીય પ્રાણી તરીકે જાહેર કરવામાં આવ્યું. તેની પાછળનું એકમાત્ર કારણ આ ડૉલ્ફીનની ઘટી રહેલ વસ્તી હતું. દૂષિત ગંગા, અમર્યાદ માછીમારીના કારણે આ પ્રકારના દુર્લભ મીઠા પાણીની ગંગા - બ્રહ્મપુત્રામાં જોવાતી ડૉલ્ફીન તેના અસ્તિત્વ માટે ઝઝુમી રહી છે. વર્ષ ૧૯૮૦માં થયેલ અંદાજ પ્રમાણે ૩૫૦૦ જેટલી તેની સંખ્યા હતી જે ૨૦૦૯માં ૨૦૦૦થી ઓછી જણાઈ હતી.

પૃથ્વી પરનાં વજનદાર મોટા કદના સસ્તન પ્રાણી તરીકે જાણીતા પ્રાણી હાથીને 'નેશનલ હેરીટેજ એનીમલ' રાષ્ટ્રીય વારસા પ્રાણી તરીકે જાહેર કરવામાં આવેલ છે. હજ્જારો વર્ષોથી આ પ્રાણી ઐતિહાસિક અને ધાર્મિક સંદર્ભોમાં ભારતીય માનવ સમાજ સાથે જોડાયેલછે. હાથીને ગણેશજીનું પ્રતિક માનેલ છે. ભગવાન ઈન્દ્રના વાહન તરીકે સ્થાન અપાયેલ છે. આજે દેશમાં ૨૫૦૦૦ જેટલા હાથી બચ્યા છે. જેમાં ૩૫૦૦ જેટલા હાથી પ્રાણી સંગ્રહાલયો અને મંદિરો પાસે છે.

વૃક્ષોમાં લોકપ્રિયતામાં પ્રથમ ક્રમે વડનાં વૃક્ષને મુકવું પડે. ઘેઘૂર વડવાઈ સાથેનો વિશાળ વડ પ્રત્યેક ભારતીય ગામનાં પાદરનો પ્રહરી કહી શકાય. માનવ, પશુ-પક્ષીઓ, અને અસંખ્ય જીવોને શીતળતા બક્ષતો વડ રાષ્ટ્રીય વૃક્ષ છે. શહેરીકરણ, રોડ-રેલ્વે માર્ગો તથા અન્ય વિકાસ કાર્યોના કારણે હજ્જારો વડનું ગૌરવપ્રદ બિરૂદ પામનાર વૃક્ષને કાયદાકીય કોઈ રક્ષણ નથી. આજે લોકોની ધાર્મિક આસ્થા જ પવિત્ર વડના વૃક્ષને કપાતા રોકે છે. 'વટ સાવિત્રીના વ્રત' ના દિવસે દેશની લાખો સ્ત્રીઓ પતિના લાંબા આયુષ્ય માટે વડના વૃક્ષનું પૂજન કરે છે ત્યારે વડના વૃક્ષોનું જીવન માનવો દ્વારા ટુંકાવી નાંખવામાં આવી રહ્યું છે.

પ્રત્યેક ગામના તળાવ કે સરોવરોના સૌંદર્યનું પ્રતિક એવું 'કમળનું ફૂલ' રાષ્ટ્રીય ફુલ છે. આજે આપણી વચ્ચેથી લુપ્ત થઈ રહ્યું છે. ગામ તળાવો વિકાસ કાર્ય માટે પુરાઈ રહ્યાં છે. તળાવમાં મત્સ્ય પાલન, શીંગોડા ઉછેર, પ્રદૂષણ જેવા કારણોને પરિણામે આજે 'કમળના છોડ ફુલ નાશ પામી રહ્યા છે. આપણાં પૈકી ઘણાંએ કમળના ફુલ ન જોયા હોય તેવું પણ બની શકે છે.'

રાષ્ટ્રીય ફળ કેરી આપતાં આંબાના વૃક્ષોની દેશમાં ૧૦૦થી વધુ જાતો છે. વિશ્વમાં વધુમાં વધુ ઉત્પાદન ધરાવતાં કેરીનાં ફળ દેશ-વિદેશમાં દેશની ઓળખ બની રહ્યાં છે. ત્યારે દેશી આંબાના વૃક્ષો મોટા પ્રમાણમાં કપાઈ રહ્યા છે. બિહારના દરભંગાના લાખી બાગ વિસ્તારમાં મોગલ શહેનશાહ અકબરે ૧,૦૦,૦૦૦ આંબાના વૃક્ષો વવડાવ્યા હતા. તેવી દૃષ્ટિ આજે જોવા મળતી નથી. આંબાના ફુલ મહોર સરસ્વતી દેવીની પૂજામાં અને પર્ણો ધાર્મિક કાર્યોમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

નવેમ્બર ૨૦૦૮માં મહાનદી ગંગાને રાષ્ટ્રીય નદી જાહેર કરવામાં આવી છે. શિવજટામાંથી નીકળતી અને જેના પાણી અણૃત ગણવામાં આવે છે તે ગંગા નદી આજે પ્રદૂષિત થઈ ચુકી છે. સ્વામી નિત્યાનંદજીએ તેના માટે લડત આપીને ૧૦૦ દિવસના ઉપવાસ બાદ પ્રાકૃતિક કારણોસર શહાદત વ્હોરી છે. ઉમા ભારતી તથા અન્ય સંતો ગંગા બચાવો આંદોલન ચલાવી રહ્યાં છે. ગંગા નદી પર આગામી વર્ષોમાં ૬૦૦થી વધુ નાના મોટા ડેમ બાંધીને તેને મૃતપ્રાય બનાવવાનું આયોજન થઈ ચૂક્યું છે.

વાઘ, હાથી, મોર, કમળ, વડ, ગંગા નદી બધા જ રાષ્ટ્રીય ચિહ્નોને ધર્મોમાં પવિત્ર સ્થાન આપીને તેના મહાત્મ્યને લોકો સુધી પહોંચાડીને રક્ષણ આપવાના પ્રયાસો થયા છે. વાઘ, હાથી, મોર, ગેગેટીક ડૉલ્ફીન જેવા પ્રાણીઓને વન્યજીવ સંરક્ષણ અધિનિયમ - ૧૯૭૨ હેઠલ અનૂસૂચિ (૧) માં સામેલ કરવામાં આવ્યા છે. તે આવકાર્ય છે. પરંતુ તેના અમલીકરણની અસરકારકતા માટે ગંભીર થવાની આવશ્યકતા છે.

આપણે રાષ્ટ્રીય ચિહ્નો શા માટે જાહેર કરીએ છીએ? તેમની ઓળખ, બચાવ, પ્રસિધ્ધિ કે આસ્થા માટે કે અન્ય કારણોસર આવા રાષ્ટ્રીય ચિહ્નો જાહેર કર્યાથી શું? કર્યા પછી શું? શું રાષ્ટ્રની પ્રત્યેક વ્યક્તિ તેની રક્ષા કે ગૌરવ ન જાળવી શકે?

# ગીરોવાળી મિલ્કત અંગે સરળ સમજૂતિ

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

જમીન માલિક ઘણીવાર આર્થિક સંકટમાં મુકાતા તેમજ સામાજિક વ્યવહારો પુરા કરવા માટે નાણાંની જરૂરીયાત ઊભી થતાં પોતાની જમીન શાહુકારોને ત્યાં ગીરો મુકતા. અને નાણાં મેળવી પ્રસંગ ઉકેલતા. મિલ્કત તબદિલ અધિનિયમની કલમ-૫૮ મુજબ ગીરો એટલે લોન તરીકે ધીરેલી રકમ, પ્રવર્તમાન કે ભવિષ્યનું દેવું કે નાણાંકીય જવાબદારી પુરી કરે તેવા વચનબંધનના પાલન માટે સ્થાવર મિલ્કતનાં હિતોની તબદિલીનો ગીરો તરીકે ઓળખવામાં આવે છે.

ગીરો ખતમાં ગીરો મુકનાર, ગીરો રાખનાર તથા બે સાક્ષીની તેમજ ગીરો મુકનાર વસ્તુ, જમીન, દરદાગીનાનો ચોક્કસ ઉલ્લેખ તેમજ કેટલા સમય માટે ગીરો મુકવામાં આવે છે તેનો ઉલ્લેક કરવામાં આવે છે. ગીરો રાખનાર, ગીરો મુકનાર જયાં સુધી નાણાં પરત ના ચૂકવે ત્યાં સુધી ગીરો મુકેલ મિલ્કતનો કબજો પોતાની પાસે રાખે છે. આવી મિલ્કતમાંથી ગીરો મૂકનારા વારસોનો હક્ક નષ્ઠ થયો નથી. સમય મર્યાદા પુરી થયેલ હોય અને ગીરો મુક્તી અંગે કોઇ પણ કાર્યવાહી ગીરો મૂકનાર દ્વારા કરવામાં આવેલ ના હોય અને ગુજરી જાય તો તેના વારસદારો આવી મિલકત ગીરોમુક્ત કરાવી શકે છે. ગીરો રાખનાર એડવર્સ પઝેશનથી માલિક બનેલ હોય તો પણ મુળ ગીરો મૂકનારના હક્કો કે તેમના વારસદારોના હક્કો નષ્ટ થતાં નથી. આ પ્રકારનો વ્યવહાર કબજા ગીરોના વ્યવહાર, હોવાથી તેને લીમીટેશન એક્ટનો બાધ નડતો નથી અને ગીરો રાખનાર આ રીતે માલિક બની જતો નથી.

ગીરો મુકેલ મિલકતને છોડાવવા અંગે પત્રકારો વચ્ચે કોઇ સમય મર્યાદા નક્કી થયેલ ના હોય તો પણ ગીરો છોડાવનારનાં હક્કો નષ્ટ થઇ નથી.

ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની કલમ ૬૦, ૬૨ના નિયમો "Contract to the Contrary" નથી ગીરો રાખનારના કબજો ભોગવટામાં ગીરો મુકનાર સમયમર્યાદા પહેલાં હરકત અંતરાય કરી શકતા નથી. પરંતુ લાંબા સમયથી ગીરો રાખનાર મિલકતના માલિક બની જતા નથી. કબજા ગીરો પ્રકારના વ્યવહારો માટે દાવો કરવા માટે લીમીટેશનનો કોઇ બાધ નડતો નથી. ગીરો રાખનાર ગીરોવળી મિલ્કત, ભોગવતા હોવા છતાં ગીરો મૂકનાર કે તેના વારસો અનુકૂળ સમયે ગીરો છોડાવવા માટે દાવો કરી શકે છે.

ગીરોના બે પ્રકાર છે. 'સાન ગીરો' એટલે કે સાદુ ગીરો અને 'શરતી ગીરો' સાન ગીરોમાં મિલક્ત ગીરો મૂકવામાં આવે છે પરંતુ તેનો કબજો ગીરો રાખનારને સોંપવામાં આવતો નથી. મુકરર કરેલ સમય મર્યાદામાં નાણાં પરત ના કરે તો ગીરો રાખનાર વ્યક્તિ આવી જમીનોને કે મિલકતનો કબજો મેળવવા હક્કદાર બને છે. આવી મિલકત ગીરો સમય પુરો થાય ત્યારબાદ પોતાની રકમ વસૂલ કરવા માટે ગીરો રાખનારે કોર્ટ મારફ્ત મિલકત વેચાણની પરમીશન મેળવવી જોઇએ તેમજ વધારાની રકમ ઉપજે તે ગીરો મુકનારને પરત કરવી જોઇએ. ગીરો રાખનારને પોતાની રકમ વસૂલના થાય તો જ આવી મિલક્ત વેચી પોતાની રકમ વસૂલ કરી શકે છે.

શરતી ગીરો એટલે એક પ્રકારનું સ્વૈચ્છિક વેચાણ ગણાય છે. આ પ્રકારના ગીરો વ્યવહારમાં જો ગીરોદારને પોતાના નાણાં પરત ન મળતાં ગીરોકર્તા નો ગીરો વિમોચનનો અધિકાર કોર્ટ દ્વારા બંધ કરાવશે અને તેવા સંજોગોમાં ગીરોદાર જે ગીરોવાળી મિલકતનો દૃશ્ય માલિક હતો તે પૂર્ણ કે ખરેખર માલિક બનશે. શરતી વેચાણ ગીરો એ સાદા ગીરો કરતા સારૂં ગણવામાં આવતું નથી.

ભોગ્ય ગીરો - આ પ્રકારના ગીરો વ્યહારમાં ગીરોવાળી મિલક્તનો કબજો ગીરોદારને સોંપવામાં આવે છે અને ગીરોવાળી મિલક્તને ભોગવવાની સાથે તેની આવક તથા ભાડાને પણ ગીરોદાર વ્યાજ યા મુદ્દલ પેટે વસૂલ કરી ઉપજ મેળવ્યે જાય છે આવા વ્યવહારમાં ગીરો મુકનાર જયાં સુધી ગીરો મુકેલ મિક્કત પરત ના છોડાવે ત્યાં સુધી ગીરોદાર આવી મિલક્ત ભોગવે છે. ગીરોવાળી મિલક્તની દરકાર, સમારકામ, સારસંભાળ રાખવાની જવાબદારી, ગીરોદારની છે. તેમજ મિલક્તને કોઇ જ નુકશાન થાય તેવી પ્રવૃત્તિ કરવાની નથી. ગીરોવાળી મિલક્ત ગીરોદાર વેચાવી શક્તો નથી. આવી મિલક્તના હિસાબકિતાબ તથા દસ્તાવેજોનો ગીરો છોડાવવામાં આવે ત્યારે મુળ માલિકને સોંપવાના રહે છે.

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૧૮મી નવેમ્બર



- વિરલ સાહિત્યકાર જયંતિ દલાલની જન્મજયંતિ - ૧૯૦૮.

ટોલ્સ્ટોય કૃત યુધ્ધ અને શાંતિનો અનુવાદ કર્યો. સ્વાતંત્ર્ય સેનાની, વિવિધ વિષયો પર તેઓએ ધારદાર કલમ ચલાવી હતી.

- ૧૮૭૨ - અકબરે અમદાવાદ ભદ્રના કિલ્લા પર વાવટો ફરકાવ્યો.



- ૧૯૬૨ - અણુ ભૌતિકશાસ્ત્રી નિલ્સબોરનું અવસાન.



- ૧૭૭૨ - ૨૮ વર્ષની વય પેશ્વા માધવરાવનું અવસાન.